EDI

Gujarat Samachar

March 17, 2016
Page No. 1
of Gujarat Plus

### એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા

# નવીન બિઝનેસ આઈડિયા ધરાવતા સંભવિત સ્ટાર્ટ અપને માર્ગદર્શન

**સ્ટાર્ટ અપ્સને ઇડીઆઇઆઇની અનુભવી ફેકલ્ટી માર્ગદર્શન આપશેઃ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા હવે નવા સંશોધનોને વેગ મળશે**

ગુજરાતની એન્જિનિયરિંગ કોલેજ અથવા અન્ય કોઈ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતાં સ્ટુડન્ટસ પોતાના બિઝનેસને ગ્રો કરવા માગતા હોય તો તેમને યોગ્ય માર્ગદર્શન મળતું નથી.

જો માર્ગદર્શન મળી રહે તો ફંડ, પોલિસી, સ્ટેબિલિટી જેવા પ્રશ્નો તેમની સામે આવી જતા હોય છે આથી એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા હવે નવીન બિઝનેસ આઈડિયા ધરાવતા સંભવિત સ્ટાર્ટ અપ્સને સલાહ અને માર્ગદર્શન પુરું પાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

જેમાં ખેતા-વેપાર, ફૂડ પ્રોસેસિંગ, બાયોટેકનોલોજી, કેમિકલ્સ, પ્લાસ્ટિક તથા ઉત્પાદન સાથે સંકળાયેલા સ્ટાર્ટ અપ્સ લાભ ઉઠાવી શકે છે.

રાજ્યમાં સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના ઉદ્યોગ ખાતા દ્વારા સ્ટાર્ટ અપ તથા સંશોધન યોજના અંતર્ગત એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ની નોડલ અર્થાત મધ્યવર્તી સંસ્થા તરીકે પસંદગી કરવામાં આવી છે. ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા નવા સંશોધનોને અવનવા ઉત્પાદનોમાં પરિવર્તિત કરવાની સ્ટાર્ટ અપ્સની ક્ષમતાને પારખીને આ નિર્ણય કરવામાં આવ્યો છે. સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા સરકારે સ્ટેટ લેવલ ઈમ્પ્લિમેન્ટેશન કમિટીની રચના કરી છે. આ કમિટી દ્વારા ઈડીઆઈઆઈની સ્ટાર્ટઅપ્સ માટેની નોડલ સંસ્થા તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત સંભવિત સ્ટાર્ટ અપ્સને ઈડીઆઈઆઈની અનુભવી ફેકલ્ટી માર્ગદર્શનનો લાભ પણ મળશે.

NB